
## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



ભાઈ હેલ્મેટના પાંચસોના દંડથી અકળાવ નહી, જો તમે લોકો હજુ અકસ્માતમાં મરવાનું ચાલુ રાખશો તો બખ્તર પહેરવાનો કાયદો આવશે અને તેનો દંડ રૂપિયા પાંચ હડાર હશે....!!!

# શહેરમાં ૨૫ વાહનચાલકોને મેમો આપી ૧૨ હજારનો દંડ વસુલાયો

### ઈ-ચલણ અંતર્ગત ૪૮૭ વાહનોને રૂ.૨.૬૩ લાખનો દંડ ફટકાર્યો

ગાંધીનગર, તા.૧૬

આજથી રાજયભરમાં સુધારાયેલા ટ્રાફિક એકટ મુજબ દંડનીય કાર્યવાહી શરુ કરવામાં આવી હતી. ગાંધીનગર શહેરના માર્ગો પર પણ ટુ વ્હીલર ચાલકો માથે હેલ્મેટ પહેરીને જોવા મળ્યા હતા તો બીજીતરફ ગાડીચાલક પણ સીટબેલ્ટ બાંધીને ગાડી હંકારતા નજરે પડ્યા હતા. ત્યારે આજે ગાંધીનગર શહેરમાં ખાસ કોઈ ટ્રાફિકના નિયમોને લઈને વાહનચાલકોને અડચણ ઉભી થઈ હોય તેવો બનાવ બનવા પામ્યો નથી. ત્યારે ગાંધીનગર શહેરના વિવિધ સર્કલો અને માર્ગો પરથી હેલ્મેટ કે સીટબેલ્ટ વિના વાહનો હંકારતા ૨૫ વાહનચાલકો પાસેથી ટ્રાફિક પોલીસ રૂ. ૧૨ હજારનો દંડ વસુલ્યો છે. જયારે શહેરમાં ઈ-ચલણને અનુલક્ષીને ૪૮૭ વાહન ચાલકોને રૂ.૨.૬૩ લાખનો દંડ ફટકાર્યો છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતને લઈ સુરક્ષાના કારણોસર પોલીસ પેટ્રોલીંગ અને બંદોબસ્તમાં વ્યસત છે. જેને પગલે શહેરમાં આજે સુધારાયેલા નિયમ પ્રમાણે કોઈની સામે દંડનીય કાર્યવાહી કરવાની કોઈ ખાસ ઝુંબેશ જોવા મળી ન હતી. જો કે શહેરની મોટાભાગની પોલીસ પીએમ બંદોબસ્તમાં વ્યસ્ત છે. જેને પગલે શહેરમાં ટ્રાફિકના નિયમોને લઈને કોઈ વાહનચાલકોને ખાસ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો નથી.



આ વર્ષે વરસાદનું જોર વધુ રહ્યુ છે. સતત બે-અઢી મહિનાથી વરસાદ વરસતા શહેરમાં ઠેર ઠેર ઝાડીઓ ઉગી નીકળી છે. હવે ઉઘાડ નીકળતા આ ઝાડીઓને દૂર કરવાનું વન વિભાગે શરૂ કર્યુ છે. મીની ટ્રેક્ટર દ્વારા ઠેરઠેર ઝાડીઓની સપાઈ થઈ રહી છે.

# સેકટર-૨૧ બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું : ૧.૧૦ લાખની ચોરી

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગર શહેરમાં તસ્કરો તરખાટ મચાવી રહ્યા છે. બિન્દાસ્ત બનીને રહેણાંક વિસ્તારમાં બંધ મકાનને ટાર્ગેટ કરી ચોરી કરી પલાયન થઈ જાય છે.ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ સ્ટેશનથી ગણતરીના ડગલા દુર જ તસ્કરોએ સરકારી મકાનને ટાર્ગેટ કર્યુ છે. સરકારી મકાન ખાતે રહેતો પરિવાર બોમ્બે ગયો હતો તે સમયે તસ્કરો અંદર પ્રવેશી તિજોરીમાંથી તેમજ ઘરમાં પડેલા સોના-ચાંદીના દાગીના રોકડ રકમ મળીને કુલ રૂ. ૧.૧૦ લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ચોર ઈસમોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મુજબ શહેરના સેકટર-૨૧ બ્લોક નં.૧૩-૩ છ ટાઈપ ખાતે રહેતા સુનિતાબેન અનુરાગભાઈ વાઝા પોતાના પરિવાર સાથે રહે છે અને સેકટર-૧૫ ખાતે આવેલી આઈટીઆઈ ઈન્સ્ટકટર તરીકે નોકરી કરે છે. સુનિતાબેન પોતાના પુત્ર સાથે ગત તા.૭ સપ્ટેમ્બરના રોજ મુંબઈ પોતાના સંબંધીના ઘરે ગયા હતા. તેઓ સોમવારના રોજ ઘરે પરત ફર્યા હતા. ત્યારે ઘરનું તાળુ તો મારેલું જ હતું. પરંતુ બાજુમાં આવેલ બીજા રૂમનો દરવાજો સહેજ ખુલ્લો હતો. જે ખોલીને તેઓ અંદર જતા તિજોરી ખુલ્લી હતી. અને ઘરમાં રહેલ સામાન અસ્તવ્યસ્ત પડ્યો હતો. ઘરમાં તપાસ કરતા ઘરમાંથી રૂ. ૧.૧૦ લાખની મત્તાની ચોરી થવા પામી છે.સુનિતા બેનના ઘરમાં તપાસ તિજોરીમાં રહેલા રોકડ રૂ.૪૦ હજાર, સોનાની બે ચેઈન,ચાર કાંડા ઘડીયાળ, અને પતિના સાતથી આઠ જોડી કપડા સહિત કુલ રૂ.૧.૧૦ લાખની મત્તા ગાયબ છે. ત્યારે ઉલ્લેખનીય છે કે ઘરમાં ઘુસવા માટે તાળુ કે બારીની ગ્રીલ તોડી નથી તેમ છતા ચોરીને અંજામ આપ્યો છે.ત્યારે તસ્કરોએ બારીમાંથી કોઈ સાધન સામગ્રી દ્વારા સ્ટોપર ખોલી હોવાની અનુમાન છે.

# શહેરમાં હેલ્મેટની માંગ સામે હેલ્મેટની ઉપલબ્ધી નહિવત

### મહિલાઓને તેમના માટે બનેલા હેલ્મેટ નથી મળી રહ્યા : હજુ દુપટ્ટો બાંધીને જ કામ ચલાવવુ રહ્યું

ગાંધીનગર, તા. ૧૬

શહેરમાં ટ્રાફિક નિયમ લાગુ થવાની શરૂઆત થઈ ચૂકી છે અને ભારે દંડ જથ્થાની તાણ અનુભવાય છે. શહેરમાં હેલ્મેટ મળી નથી રહ્યા અને મળે છે તો પણ શહેરીજનોને પસંદગીના




વસુલીની શરૂઆત પણ હવે થઈ ગઈ છે. હેલ્મેટ જે ડ્રાઈવીંગ સેફ્ટી માટે મહત્વનું ગણાય છે તે પહેરવા અંગેની જાગૃતતા શહેરીજનોમાં જોવા મળી રહી છે. ત્યારે છેલ્લા ત્રણેક દિવસથી શહેરમાં હેલ્મેટની ખરીદીમાં લગભગ ૭૦.૧ ટકાનો વધારો થયો છે અને હાલ શહેરમાં હેલ્મેટના હેલ્મેટ નથી મળી રહ્યા જેથી તેઓ દુવિધામાં મુકાયા છે અને ખાસ મહિલાઓ માટેના હેલ્મેટ જેથી ઉપલબ્ધી શહેરમાં જણાઈ નથી રહી.

ટ્રાફિક નિયમ પાળવા માટે શહેરીજનો જાગૃત બન્યા છે. ત્યારે તેઓ સજાગતાથી પીયુસી, લાયસન્સ, નંબર પ્લેટની કામગીરી સાથે હેલ્મેટની ખરીદી પણ કરી રહ્યા છે. પરંતુ જ્યારથી ટ્રાફિક નિયમ લાગુ પડવાની વાત આવી છે ત્યારથી હેલ્મેટની ખરીદીમાં લગભગ સીત્તેર ટકા જેટલો વધારો જોવા મળ્યો છે અને હાલની પરિસ્થિતિ એવી છે કે શહેરમાં ક્યાંય સારા એવા હેલ્મેટની ઉપલબ્ધી જ નથી. એમાં પણ બહેનો માટેના સ્પેશિયલ હેલ્મેટની માંગ સામે ક્યાંય હેલ્મેટ જ નથી જેને લીધે તેમને ખરેખર હેલ્મેટ ખરીદવાની ઈચ્છા સામે હવે દુપટ્ટો બાંધીને જ કામ ચલાવવાની પરિસ્થિતિ આવી છે.

શહેરના રસ્તા અને દુકાનોમાં હેલ્મેટ વેચતા વેપારીઓ દ્વારા જાણવા મળ્યું છે કે સરકારના આ નિયમ અંગે એવી કાંઈ પણ જાણ નહોતી આમ અચાનક ટ્રાફિક નિયમ લાગુ પડી ગયો અને અમારા પાસે જેટલા સ્ટોકમાં હેલ્મેટ હતા તે અમે વેચાણમાં મુક્યા છે પરંતુ એમ બે જ દિવસમાં જલ્દીથી નવો માલ લાવીએ એવુ તો ન જ બની શકે.

# ધણપ પાટીયા પાસે બે ટ્રક વચ્ચે અકસ્માતમાં કાર આગમાં બળીને ખાખ



ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર સમા ચિલોડા-હિંમતનગર હાઈવે ઉપર બપોરના સમયે બે ટ્રક વચ્ચે કાર અકસ્માત બાદ આગ ભભુકી ઉઠી હતી. હાલમાં ચિલોડા-હિંમતનગર હાઈવે માર્ગને સિક્સલેઈનની કામગીરી ચાલી રહી છે. ત્યારે અકસ્માતની ઘટનાઓ બની રહ્યા છે. ત્યારે હિંમતનગર તરફથી સીટી હોન્ડા કાર ચિલોડા તરફ આવી રહી હતી તે દરમ્યાન ધણપ ગામના પાટીયા પાસે તેમની કાર રોંગ સાઈડ આવી રહી હતી. તે દરમ્યાન સામેથી આવતી ટ્રક સાથે અથડાયા બાદ પાછળથી અન્ય ટ્રકે કારને અડફેટે લીધી હતી.

બે ટ્રક સાથે અકસ્માત બાદ કારનો ખુરદો બોલાઈ ગયો હતો. અકસ્માત બાદ કારમાં આગ લાગી હતી. સદ્ભાગ્યે લોકો સમયસર પહોંચી જતા કારમાં બેઠેલા ઈજાગ્રસ્ત વ્યક્તિઓને બહાર કાઢી સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. ફાયરબ્રિગેડનો સ્ટાફ ઘટના સ્થળે આવી આગને કાબુમાં લીધી હતી. આ અંગે ચિલોડા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



સાડા છ કરોડ ગુજરાતીઓનું સ્વપ્ન થયું સાકાર...

નર્મદાના નીરથી ગુજરાત બનશે વધુ સમૃદ્ધ



સરદાર સરોવર ડેમ સૌ પ્રથમવાર ૧૩૮.૬૮ મીટરની પૂર્ણ ક્ષમતાએ

નમામિ દેવી નર્મદે મહોત્સવ

આગામી તા.૧૭મી સપ્ટેમ્બરના રોજ રાજ્યભરમાં ૧૦૦૦ જેટલા સ્થળોએ યોજનાર નમામિ દેવી નર્મદે મહોત્સવમાં પદાધિકારીઓ, પ્રબુદ્ધો, સંતો-મહંતો, સ્વૈચ્છિક-સેવાભાવી સંસ્થાઓ અને નાગરિકો જોડાઈને નદી-નાળાં-ચેકડેમો જેવા જળસ્ત્રોતોની સફાઈની સાથે નર્મદાના નીરના વધામણાં તેમજ વૃક્ષારોપણ કરશે

હવે... સિંચાઈ માટે પાણી મળશે
હરિયાળી ક્રાંતિનો ઉદય થશે...
પશુઓને મળશે ઘાસચારો
શ્વેત ક્રાંતિમાં થશે વધારો...
ઉદ્યોગો વિકસશે
રોજગારીના દ્વાર ખુલશે...
વનરાજીનો વિસ્તાર વધશે
વન્યજીવોનું જતન થશે...
પીવાના પાણીનો પ્રશ્ન હલ થશે
સમસ્યાનો કાયમી ઉકેલ આવશે...
ગુજરાતીઓનું જીવનધોરણ સુધરશે
સુખાકારીમાં વધારો થશે...

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં જન્મદિવસે
આવો... સૌ સાથે મળી નર્મદાના નીરનાં વધામણાં કરીએ...

માહિતી/૩૦/૨૦૧૯-૨૦

નમામિ દેવી નર્મદે મહોત્સવનો શુભારંભ
તારીખઃ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૧૯, સમયઃ સવારે ૯.૦૦ કલાકે, સ્થળઃ કેવડિયા કોલોની ખાતે, રાજપીપળા

'નર્મદા યોજનાથી ગુજરાત બન્યું નંદનવન' - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત